અપીલ અરજી નં.૬૬ તા.૧૧–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૮–૫–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા વખતોવખત સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના કામનો ઈજારો પૂરો થયા બાદ નવા ઈજારાદારને કામની સોંપણી કર્યેથી જરૂરી કોન્ટેકટ નંબર સહિતની માહિતી વર્તમાન પત્રના માધ્યમથી જાહેર જનતાના ધ્યાને લાવવામાં આવે છે તેવું જાહેર માહિતી અધિકારીના સી.ઝેડ/આરટીઆઈ/આ.નં./૦૪ તા.૨૭–૪–૦૯ ના પત્રમાં જણાવવામાં આવેલ. જે અંગે કઈ તારીખે કયા વર્તમાન પત્રમાં જાહેર ખબર છપાવી તેની માહિતી અને દૈનિક પેપરની નકલની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૧૧–૬–'૦૯ ની અપીલ અરજી નં.૬૬/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૮–૫–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા વખતોવખત સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના કામનો ઈજારો પૂરો થયા બાદ નવા ઈજારાદારને કામની સોંપણી કર્યેથી જરૂરી કોન્ટેકટ નંબર સહિતની માહિતી વર્તમાન પત્રના માધ્યમથી જાહેર જનતાના ધ્યાને લાવવામાં આવે છે તેવું જાહેર માહિતી અધિકારીના સી.ઝેડ/આરટીઆઈ/આ.નં./૦૪ તા.૨૭–૪–૦૯ ના પત્રમાં જણાવવામાં આવેલ. જે અંગે કઈ તારીખે કયા વર્તમાન પત્રમાં જાહેર ખબર છપાવી તેની માહિતી અને દૈનિક પેપરની નકલની માહિતી આપવા બાબતે નહીં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૩ તા.૧૮–૬–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને સી.ઝેડ/આરટીઆઈ આં.ન./૪/ તા.૨૭–૪–૦૯ ના પત્રની નકલ અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે જયારે અરજદાર તરફથી સીસીસી/સી.ઝોન/આ.નં./૧૦૯ તા.૨૫–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગત મળેલ છે. જેમાં અરજદારેસી.ઝેડ/આરટીઆઈ આં.ન./૪/ તા.૨૭–૪–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે.સાથે તા.૨૪–૬–૦૯ ના પાઠવેલ પત્રમાં આ નકલ જાહેર માહિતી અધિકારી પાસે પણ માંગી શકો છો પરંતુ શા માટે મારી પાસેથી માંગવામાં આવે છે? તેવી રજૂઆત કરી જયારે જયારે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગમાં પ્રજાલક્ષી કામો માટે અરજી કરતાં હોય અને કોઈ જવાબ પાઠવવામાં આવતો નથી શા માટે ? તેવી પૂરક પ્રશ્નોની રજૂઆત અપીલ તબકકે કરેલ છે.

અરજદારની તા.૮–૫–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા વખતોવખત સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના કામનો ઈજારો પૂરો થયા બાદ નવા ઈજારાદારને કામની સોંપણી કર્યેથી જરૂરી કોન્ટેકટ નંબર સહિતની માહિતી વર્તમાન પત્રના માધ્યમથી જાહેર જનતાના ધ્યાને લાવવામાં આવે છે તેવું જાહેર માહિતી અધિકારી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં./૦૪ તા.૨૭–૪–૦૯ ના પત્રમાં જણાવવામાં આવેલ. જે અંગે કઈ તારીખે કયા વર્તમાન પત્રમાં જાહેર ખબર છપાવી તેની માહિતી અને દૈનિક પેપરની નકલની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તા.૨૭–૪–૦૯ ના પત્રમાં અરજદારને પૂરી પડાયેલી માહિતી "સુરત મહાનગરપાલિકા ધ્વારા વખતો વખત સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના કામનો ઈજારો પૂરો થયા બાદ નવા ઈજારાદારને કામની સોંપણી કર્યેથી જરૂરી કોન્ટેકટ નંબર સહિતની માહિતી વર્તમાન પત્રના જાહેર જનતાના ધ્યાને લાવવામાં આવે છે" જેના સંદર્ભે અરજદારે કઈ તારીખે કયા દૈનિક વર્તમાન પત્રમાં જાહેર જનતાનું ધ્યાન લેવા જાહેર ખબર છપાવવામાં આવી તેની માંગેલ માહિતી તથા વર્તમાન પત્રની નકલની જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ જણાતી નથી.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની પૂરક માહિતી વખતે અપીલ તબકકે તા.૨૪–૬–૦૯ ના પાઠવેલ પત્રમાં આ નકલ જાહેર માહિતી અધિકારી પાસે પણ માંગી શકો છો પરંતુ શા માટે મારી પાસેથી માંગવામાં આવે છે. " એવી રજૂઆત આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) અને આરટીઆઈ નિયમ–૪ અને ૬ ની જોગવાઈઓ ધ્યાને લેતાં અપીલની અર્ધન્યાયિક પ્રક્રિયામાં અરજદારે પોતાને પક્ષ અને દાવાના સમર્થનમાં પૂરી હકીકત આધાર સહિત રજૂ કરવી આવશ્યક રહેતી હોય અને અપીલના અનુસંધાને તેમ કરવું અરજદાર અને નાગરિકની ફરજના ભાગરૂપે હોય આ બાબતની અરજદારની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી."

અરજદારે સદરહુ પત્રમાં જયારે જયારે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગમાં પ્રજાલક્ષી કામો માટે અરજી કરતાં હોય અને કોઈ જવાબ પાઠવવામાં આવતો નથી શા માટે ? જે અંગે આરટીઆઈ એકટ હેઠળ આ અંગે લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,(સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,